ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: ક્યુ/ એ.સી.–મિનીટ્સ/ ૨૦૨૩/ ૨૦૭૦

તા:– ૦૯/૦૮/૨૦૨૩

પ્રતિશ્રી,

એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ.

**વિષય :–** એકેડેમિક કાઉન્સિલની તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, એકેડેમિક કાઉન્સિલની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૫/૦૮/૨૦૨૩ શનીવારના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે તથા ઓન લાઈન મળેલ મિટીગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૦૫/૦૮/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–
૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–
૧. કુલસચિવશ્રીના કાર્યાલય તરફ
૨. સંબંધિત વિભાગો તરફ આગળની યોગ્ય કાર્યવાહિ અર્થે.
૩. સંબંધિત ફાઈલે.

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## તા.૦૫/૦૮/૨૦૨૩ શનીવારના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે તથા ઓન લાઈન મળેલ એકેડેમિક કાઉન્સિલની મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૦૫/૦૮/૨૦૨૩ શનીવારના બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે તથા ઓન લાઈન માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એકેડેમિક કાઉન્સિલની પ્રથમ મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | પ્રો.(ડૉ) એમ.જી.ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૩. | ડૉ. ડી.એમ. બકરાણીયા | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ.) દર્શનાબેન ધોળકિયા | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. સૂર્યકાન્ત સોલંકી | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. નરેન્દ્ર હિરાણી | સભ્યશ્રી | ગેર હાજર |
| ૮. | ડૉ. કે.એમ. ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૯. | ડૉ. ગીરીન બક્ષી | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. કાશ્મીરાબેન મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | ડૉ. એસ.જી ભંડારી | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | ડૉ. જયદેવસિંહ રાયજાદા | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૩. | ડૉ. મહેશ મુલાણી | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | ડૉ. સી. પી. પટેલ | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૫. | ડૉ. જાગૃતિ પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડૉ. નીલુબેન મકવાણા (ગોહેલ) | સભ્યશ્રી | હાજર |
| ૧૭. | ડૉ. કનીષ શાહ | સભ્યશ્રી | હાજર |
| ૧૮. | શ્રી અજય રાઠોડ | સભ્યશ્રી | હાજર |
| ૧૯. | ડૉ. આતીષ જોષી | સભ્યશ્રી | હાજર |
| ૨૦. | ડૉ. શ્વેતા શર્મા | સભ્યશ્રી | હાજર |
| ૨૧. | ડૉ. વિવેક પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૨૨. | ડૉ. સી. એસ. ઝાલા | સભ્યશ્રી | હાજર |
| ૨૩. | ડૉ. પરેશ રાવલ | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૨૪. | ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૨૫. | ડૉ. એસ. જી. ધર્માણી | સભ્યશ્રી | હાજર |
| ૨૬. | ડૉ. જનક ગઢવી | સભ્યશ્રી | હાજર |
| ૨૭. | ડૉ. રીતેશ તંડેલ | સભ્યશ્રી | હાજર |
| ૨૮. | ડૉ. પૌરવ મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૨૯. | ડૉ. જગદીશ રયાણી | સભ્યશ્રી | હાજર |
| ૩૦. | ડૉ. રાજેશ ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૩૧. | ડૉ. યોગેશ દેસાઈ | સભ્યશ્રી | હાજર |
| ૩૨. | ડૉ. પંકજ ઠાકર | સભ્યશ્રી | હાજર |
| ૩૩. | ડૉ. કલ્પેશ સોરઠિયા | સભ્યશ્રી | હાજર |
| ૩૪. | ડૉ. જી. એમ. બુટાણી | મેમ્બર સેક્રેટરી | હાજર |

**કાર્યસૂચી**

૧. ગત એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સનું વાંચન અને બહાલી.

**ઠરાવ :– ૧ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૨. એન.ઈ.પી. –૨૦૨૦નું ચાલુ શૈક્ષણિક વર્ષે અમલીકરણ કરવાનું હોતા સરકારશ્રીની તા.૧૧/૦૭/૨૦૨૩ ની SOP મુજબ તૈયાર કરેલ સ્નાતક કક્ષાના સેમેસ્ટર ૧ તથા ૨ ના અભ્યાસક્રમોને મંજૂરી તથા બહાલી આપવા બાબત. (બી.એ., બી.કોમ., બી.એસસી, બી.સી.એ., બી.બી.એ., એમ.બી.એ. (ઈન્ટીગ્રેટેડ), એમ.એસસી.(સી.એ. એન્ડ આઈ.ટી.–ઈન્ટીગ્રેટેડ)

ઠરાવ :–૨ **તા.૦૫/૦૮/૨૦૨૩ની સભામાં રજૂ કરવામાં આવેલ આર્ટ્સ, કોમર્સ તથા સાયન્સના સ્નાતક કક્ષાના સેમેસ્ટર ૧ તથા ૨ ના અભ્યાસક્રમોને સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે તથા આ અભ્યાસક્રમને ચાલુ શૈક્ષણિક વર્ષથી અમલીકરણ માટે એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં બહાલી અર્થે મુકવા સર્વાનુમતે ભલામણ કરે છે.**

**ઉક્ત અભ્યાસક્રમો પૈકી સાયન્સમાં બોટની વિષયમાં પ્રશ્ન ઉપસ્થિત થતાં તે, બી.સી.એ.નો અભ્યાસક્રમ મળેલ નથી અને આર્ટસમાં સમાજશાસ્ત્ર વિષયનો અભ્યાસક્રમ આજ દિન સુધી મળેલ નથી આમ આ વિષય પૂર્ણ કરાવી તેને એપ્રુવલ આપવાની જવાબદારી સંબંધિત વિદ્યાશાખાના ડીનશ્રીને સોંપવામાં આવે છે. તાત્કાલિક કાર્યવાહિ પૂર્ણ કર્યા બાદ આ ઉક્ત ત્રણ અભ્યાસક્રમ અમલમાં મુકવાની એકેડેમિક કાઉન્સિલ સર્વાનુમતે મંજૂરી આપે છે અને એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં બહાલી અર્થે મુકવા ભલામણ કરે છે.**

૩.    અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે..

૧.    સરકારશ્રીની તા.૧૧/૦૭/૨૦૨૩ ની SOP મુજબ એન.ઈ.પી. મુજબના અભ્યાસક્રમોમાં આંતરિક પરીક્ષાનું માળખું તૈયાર કરવા બાબત.

ઠરાવઃ—૩    **સરકારશ્રીની તા.૧૧/૦૭/૨૦૨૩ ની SOP મુજબ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં મુલ્યાંકન માટે કોલેજ આંતરિક પરીક્ષા થિયરી તથા પ્રાયોગિક પરીક્ષાનું માળખું તૈયાર કરવા બાબતે પુખ્ત ચર્ચા—વિચારણાના અંતે નીચે મુજબનું માળખું રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

આર્ટ્સ તથા કોમર્સ વિદ્યાશાખામાં સરકારશ્રીની SOP મુજબ યુનિવર્સિટી પરીક્ષાના ગુણ ૫૦ તાથ આંતરિક પરીક્ષાના ગુણ ૫૦ એમ કુલ ગુણ ૧૦૦નું મુલ્યાંકનનું માળખું રહેશે. આંતરિક પરીક્ષાના ગુણ ૫૦નું વિભાજન નીચે મુજબ રહેશે.

| ગુણ | વિગત |
|---|---|
| ૦૫ | હાજરી |
| ૧૦ | અસાઈનમેન્ટ |
| ૧૦ | યુનિટ ટેસ્ટ/ જુથ ચર્ચા/ અન્ય |
| ૨૫ | આંતરિક લેખિત પરીક્ષા (ઓનલાઈન/ ઓફલાઈન) |

સાયન્સ વિદ્યાશાખામાં મેજર/ માઈનર અને મલ્ટી ડિસીપ્લીનરી વિષયોમાં ક્રેડિટની સંખ્યા ૦૪ હોતાં અને સરકારશ્રીની SOP મુજબ ૩ + ૧ નો વિકલ્પ સ્વિકારતા જે—તે પેપરના થિયરી પરીક્ષાનો ગુણભાર ૭૫ તેમજ પ્રાયોગિક પરીક્ષાનો ગુણભાર ૨૫ ગુણનો રહેશે. એમ કુલ ગુણ ૧૦૦નું મુલ્યાંકનનું માળખું રહેશે. જેનું આંતરિક થિયરી અને પ્રાયોગિક પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

આંતરિક થિયરી પરીક્ષા (કુલ ગુણ—૩૫ નું વિભાજન)

| ગુણ | વિગત |
|---|---|
| ૨૦ | આંતરિક લેખિત પરીક્ષા (ઓનલાઈન/ ઓફલાઈન) |
| ૧૦ | અસાઈનમેન્ટ/ સેમિનાર/ યુનિટ ટેસ્ટ/ જુથ ચર્ચા |
| ૦૫ | હાજરી |

પ્રાયોગિક પરીક્ષા (આંતરિક તથા યુનિવર્સિટી— કુલ ગુણ— ૨૫નું વિભાજન)

| ગુણ | વિગત |
|---|---|
| ૧૫ | કોલેજ દ્વારા લેવાની થતી આંતરિક પ્રાયોગિક પરીક્ષા (સત્રને અંતે ) |
| ૧૦ | યુનિવર્સિટી દ્વારા લેવાની થતી પ્રાયોગિક પરીક્ષા (સત્રને અંતે ) |

(તા.૦૯/૦૮/૨૦૨૩ ના રોજ ગુજરાત સરકારશ્રી દ્વારા વખતો–વખત આપવામાં આવેલ SOP અને એમેન્ડમેન્ટ અનુસંધાને ઓન લાઈન ચર્ચા થયેલ તે મુદ્દો અને તેનો ઠરાવ સર્વાનુમતે આ મિનિટ્સમાં આવરી લેવામાં આવેલ છે.)

૧. સરકારશ્રી મારફતે આપવામાં આવેલ SOP માં દર્શાવેલ અભ્યાસક્રમો અને સરકારશ્રીના એમેન્ડમેન્ટમાં દર્શાવેલ અભ્યાસક્રમો બાબતે ચર્ચા– વિચારણા..

**ઠરાવઃ–૪** **સરકારશ્રી મારફતે આપવામાં આવેલ SOP અને એમેન્ડમેન્ટમાં સૂચવેલ અભ્યાસક્રમો સર્વાનુમતે મંજૂર રાખવાનું આથી ઠરાવવામાં આવે છે અને જે કોઈ વિદ્યાશાખા તેમના અભ્યાસક્રમમાં ઉપરોક્ત અભ્યાસક્રમોનો સમાવેશ કરશે તે સ્વિકારવામાં આવે છે અને એક્ઝિક્યુટીવ કાઉન્સિલમાં બહાલી અર્થે મુકવા ભલામણ કરે છે.**

**કુલસચિવ**